ક્રિ.પ.અ.નં.૮૮૦/૨૦૧૮.

અરજદાર : પંચાલ વિષ્ણુભાઈ નરોતમભાઈ.

વિરુધ્ધ

સામાવાળા : રજીસ્ટ્રારશ્રી,જન્મ–મરણ વિભાગ,

અ.મ્યુ.કોર્પોરેશન.

આંક–૧ નીચે હુકમ.

૧) અરજદારે હાલની અરજી જન્મ–મરણ નોંધણી અધિનિયમની કલમ–૧૩(૩) હેઠળ તેમના પિતાની મરણની નોંધ કરાવવા માટે દાખલ કરેલ છે.અરજદારે અરજીમાં એવી હકીકતો જણાવેલ છેકે,તેમના પિતાનું અવસાન તા.૧૫–૨–૨૦૧૬ ના રોજ થયેલ છે અને જે તે વખતે શરતચુકથી તેમના પિતાની જન્મ મરણ નોંધણી અધિનિયમ અન્વયે નોંધ કરાવવાની રહી ગયેલ છે જેથી હાલ નોંધ કરાવવા માટે આ અરજી આપેલી છે. અરજદારે અરજીમાં તેમના પિતાની મરણની નીચે મુજબની વિગતો આપેલ છે.

મરનારનું નામ– નરોતમભાઈ ડાહયાભાઈ પંચાલ.

મરણ તારીખ–૧૫–૨–૨૦૧૬.

મરણનું સ્થળ–બી–૧૩૫, ઉમીયાનગર તક્ષશીલા સ્કુલ પાસે, વસ્ત્રાલ,અમદાવાદ.

૨) ઉપરોકત મુજબની વિગતો હોઈ અને જે તે વખતે મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોઈ તેથી સામાવાળા અરજદારના પિતાની મરણની નોંધ કરી મરણનો દાખલો કાઢી આપે તેવી દાદ માંગેલ છે.

૩) આ અરજી દાખલ થતાં અરજી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે અને કામ અરજદારના પુરાવા માટે રાખવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના

સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

<u>**મૌખિક પુરાવા**</u>

૧...અરજદારની સરતપાસની એફીડેવીટ, આંક–૬.

૨...કાન્તીભાઈ નરોતમભાઈ પંચાલની સરતપાસની એફીડેવીટ,આંક–૭.

૩...ચતુરભાઈ કાનજીભાઈ પટેલની સરતપાસની એફીડેવીટ, આંક–૮.

૪...હરજીવનભાઈ નરોતમભાઈ પંચાલની  સરતપાસની એફીડેવીટ, આંક–૯.

૫... જયંતિભાઈ રામજીભાઈ મકવાણાની સરતપાસની એફીડેવીટ, આંક–૧૦.

<u>**દસ્તાવેજી પુરાવા**</u>

૧...અપ્રાપ્ય પ્રમાણપત્ર, નિ.–૩/૧.

૨...સમાચારપત્રમાં આપેલ જાહેરનોટીસ, આંક–૫.

૩...મરણ રજીસ્ટરની નકલ, આંક–૧૧.

૪)    સદર કામમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેલ છે પરંતુ કોઈ વાંધા આવેલ નથી.

૫)    આ અરજી ઈન્કવાયરી સ્વરુપની હોઈ જેથી અરજદારે જે સરતપાસનું સોગંદનામું આપેલ છે તે પણ સી.આર.પી.સી.કલમ–૨૯૬ હેઠળ ગ્રાહય હોઈ જેથી તેને ધ્યાને લેવામાં આવેલ છે.

૬)    આ કામે અરજદારના રજુ થયેલા પુરાવા જોતાં અરજદારના પિતાની જે તે વખતે મરણની નોંધ થયેલ ન હોવાનું જણાય છે. અરજદારના પુરાવા જોતાં અરજદારના પિતાનું અવસાન તારીખ ૧૫–૨–૨૦૧૬  ના રોજ થયેલ હોય તેવું જણાય છે તે સંજોગોમાં આ અરજી મંજુર કરવાપાત્ર જણાય છે જેથી  નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>**હુ ક મ**</u>

અરજી આથી મંજુર કરવામાં આવે છે.

આ કામના સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારના પિતાની  નીચે મુજબની વિગતો હોઈ તે મુજબની વિગતો નોંધી જરુર લેઈટ ફી લઈ મરણની  નોંધ કરી મરણનો દાખલો કાઢી આપવો, તેવો હુકમ ફરમાવું છું.

મરનારનું  નામ– નરોતમભાઈ ડાહયાભાઈ પંચાલ.

મરણ તારીખ–૧૫–૨–૨૦૧૬.

મરણનું સ્થળ–બી–૧૩૫, ઉમીયાનગર તક્ષશીલા સ્કુલ પાસે, વસ્ત્રાલ,અમદાવાદ.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૧૦–૪–૨૦૧૮.
અમદાવાદ.

(એ.એ.વાયડા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૬, અમદાવાદ.
જીજે ૦૦૯૮૬